# મનપાની સામાન્ય સભામાં ભરતી મુદ્દે હોબાળો

**ભાજપના મેયર જૂથ દ્વારા સ્થાયી સમિતિની ઉપરવટ જવાની વ્યુહરચના ખુલ્લી પડતા સભા આટોપી લેવાઈ : સરકાર તરફથી સ્મૃતિપત્ર આપતાં તંત્ર હરકતમાં આવ્યુ હોવાનો ઘટસ્ટોફ કરતા સ્થાયી સમિતિના ચેરમેન ચાવડા : આંતરિક લડાઈમાં ભાજપ કલ્યાણની વાત વિસરી ગયુ છે : રાયકા**





ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહાનગર પાલિકાની સામાન્ય સભામાં પૂરક એજન્ડા દ્વારા આરોગ્ય વિભાગની ભરતી માટેની દરખાસ્તને મંજૂરી માટે કોંગ્રેસનો સહકાર લઈ રજુ કરવાની આખી વાતનો ભાંડો ફૂટી જતાં ક્ષોભજનક સ્થિતિમાં મુકાયેલ મેયર રીટાબેન પટેલે એકપળમાં જ સભા સમાપ્તીની જાહેરાત કરી હતી.

આજે મનપાના સભાખંડમાં મળેલી સામાન્ય સભામાં મુદ્દાઓ રજુ કરવા અને ચર્ચા કરવાની કોંગ્રેસની દરખાસ્તનો સ્વીકાર થયા પછી ભરતી કૌભાંડનો મુદ્દો કોંગ્રેસના અંકિત બારોટે ઉઠાવ્યો હતો.

અંકિત બારોટે ભરતી કૌભાંડને લઈ તપાસ કમિટીની રચના અંગે સ્થાયી સમિતિએ પસાર કરેલ ઠરાવને લઈ આજે જ તપાસ સમિતિની રચના કરવામાં આવે અને સમિતિના સભ્યો તરીકે મનપાના સભ્યોને જ નિમી જેમને અન્યાય થયો છે તેમને ન્યાય આપીએ. બારોટે સ્ટેન્ડીંગ કમિટીએ આરોગ્યની ભરતી માટેની દરખાસ્ત ફગાવી દીધી તેને લઈ દુઃખ પણ વ્યક્ત કર્યુ હતુ.

બારોટ દ્વારા તેમની રજુઆત પૂરી થાય તે પહેલાં જ સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા તેમના સ્થાને ઉભા થઈ ગયા હતા. તેમણે કહ્યુ કે તપાસ સમિતિનો અમે પ્રસ્તાવ કરી મોકલ્યો છે અને આજે જ સમિતિની રચના થતી હોય તો અમે તેનુ સમર્થન કરીએ છીએ.

આરોગ્ય વિભાગમાં ભરતીના મુદ્દે મારે સ્પષ્ટતા કરવાની છે કે અમે દરખાસ્ત ફગાવી નથી. બીજુ ગ્રાન્ટ લેપ્સ જતી નથી. ત્રીજુ ૧૭-૧૮માં ભરતી માટે સરકારે કહ્યુ હતુ. ૧૮-૧૯માં દરખાસ્ત ન રજુ કરી એટલુ જ નહિ ૧૯-૨૦માં પણ અધુરી વિગતો સાથે દરખાસ્ત કરી એટલે અમે તે અંગે સ્પષ્ટતાઓ માંગી છે. ભરતી કોના દ્વારા કરાશે, શું ખર્ચ થશે, આ વિગતો જાણવાનો અધિકાર સભ્યોને છે અને તે વિગતવાર દરખાસ્ત રજુ નહિ કરાઈ હોવાથી આગામી બેઠક સુધી મુલ્તવી રાખવામાં આવી છે. તેમણે એવી પણ ચોંકાવનારી હકીકત કહી હતી કે સરકારે સ્મૃતિપત્ર પાઠવતાં આ દરખાસ્ત રજુ કરવાની તંત્રને ફરજ પડી છે. આ સાંભળી તો ગૃહમાં સન્નાટો છવાઈગયો હતો.

આ પછી બોલવા ઉભા થયેલા કોંગીના સિનીયર કાઉન્સીલર જીતુ રાયકાએ જણાવ્યુ હતુ કે નાયબ મ્યુનિ. કમિશનર જોશીએ કેતન પટેલની ઉપસ્થિતિમાં અમને બોલાવી આ દરખાસ્તને મંજૂરી આપવા ભલામણ આગ્રહ સાથે કરી હતી એટલુ જ નહિ તેમણે જ ગ્રાન્ટ લેપ્સ જશે તેવી વાત કહી હતી. તેમણે જ પૂરક એજન્ડા જારી કરીશુ અને

● અનુસંધાન પાન-૭ પર

## ગટર-પાણી કે હોસ્ટેલના નામે ગાંડી વાતો બંધ કરી લોકોને સ્વપ્ના દેખાડવાનું બંધ કરો : જીતુભાઈ રાયકા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહાનગરપાલિકાની આજની સામાન્ય સભામાં છવાયેલા ગટર-પાણીના મુદ્દે મેયર પર આકરા પ્રહારો કરતાં કોંગીના જીતુ રાયકાએ કહ્યુ હતુ કે મેયર ગાંડી-ગાંડી વાતો ના કરો અને શહેરના લોકોને સ્વપ્ના બતાવવાનું બંધ કરો. હદ થાય છે, તમારી જૂઠી વાતો સાંભળીને અમારા કાન પણ થાક્યા છે.

- **દબાણ માટે સ્પષ્ટ અને આદર્શ નીતિ બનાવો : બિહોલા**
- **ગટર-પાણીના મુદ્દે અમે આજે નહિ પણ છેલ્લા ઘણા સમયથી રજુઆત કરીએ છીએ અમારી આક્રમતા અને જાગૃતતા એ તમને મજબુર કર્યા છે : બિહોલા**
- **ગટર-પાણીના મુદ્દે આજે સ્પષ્ટ નિર્ણય કરીએ રાજીનામુ આપવુ છે; મનપાને તાળુ મારવુ છે કે કેન્દ્ર કે રાજ્ય સરકારને રજુઆત કરી પ્રજાની સાચી સેવા કરવી છે : હસમુખ મકવાણા**
- **ડ્રેનેજ સિસ્ટમ ૧૦૦ વર્ષ ચાલે તેવી બનાવવી છે તેના પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર થઈ ગયા છે લાઈનો જુની છે એટલે તુટી રહી છે : મેયર રીટાબેન પટેલ**

આજે મનપાની સભામાં કોંગીના હસમુખ મકવાણાએ શહેરની ગટરો અને પાણીનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યુ હતુ કે શહેરના આ બે પ્રશ્નોને લઈ સતત રજુઆતો અમે કરી રહ્યા છીએ પણ કોઈ જ ઉકેલ આવ્યો નથી.

મકવાણાએ જણાવ્યુ હતુ કે ઉભરાતી ગટરો અને પાણીની શુદ્ધતાથી આજે નગર બેચેન છે. આપણા સૌની આ બીજી ટર્મ છે. આપણે જ ગ્રાન્ટ માર્ગ-મકાન વિભાગને આપીએ છતાં આપણા પ્રશ્નો નથી ઉકેલાતા માટે આજે જ નિર્ણય કરીએ કાં તો રાજીનામુ આપી દઈએ, મનપાને તાળુ મારી દઈએ, રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકારને સમૂહમાં રજુઆત કરવી હોય તો કરવા જઈએ પણ આપણે રંગલા-રંગલીના રોલમાંથી બહાર આવી પ્રજાને કોઈ ચોક્કસ સંદેશ આજની સભાના નિર્ણય થકી આપીએ.

● અનુસંધાન પાન-૭ પર

## માણસ ગુમ થવાની વાત સાંભળી હતી પણ કચેરીમાંથી હવે પત્ર ગુમ થાય છે : રાકેશ પટેલ

ગાંધીનગર, તા. ૨૦

માણસો ગુમ થતા હોવાની વાતો સાંભળી હતી પણ કાઉન્સીલર થયા પછી નાની અમથી મનપાની કચેરીમાંથી પત્રો પણ ગુમ થઈ રહ્યા છે. કેવો વહીવટ ચાલે છે કંઈજ ખબર પડતી નથી. પ્રજાના પ્રશ્નો રૂપે રજુ થયેલા કાઉન્સીલરોના પત્રો ગુમ થઈ જાય... આવી ગંભીર રજુઆત આજે કોંગી કાઉન્સીલર રાકેશ પટેલે મનપાની સામાન્ય સભામાં કરી સૌને ચોંકાવી દીધા હતા.

તેમણે કહ્યું કે સે. ૬માં સ્માર્ટ આંગણવાડીનું બિલ્ડીંગ બનાવ્યુ બહુ સારી વાત કહેવાય પણ ચોમાસામાં ખબર પડી કે ધાબામાંથી બાળકો ફૂલ જેવા છે તેમના માથામાં પાણી ટપકે છે. આ બાળકોના આરોગ્યની કાળજી કોણ લેશે ? આ મુદ્દે રજુઆત પછી હજુ સુધી કાર્યવાહી થઈ નથી જવાબદારો સામે પગલાં લેવાયા નથી.

હજુ તો સે. ૬ અને તેમના વોર્ડના ઘણા રહીશોને કચરાના નિકાલ માટે મનપા તરફથી જે ડોલ વિતરણ કરાઈ હતી તે મળી નથી. આ અંગે કરેલી રજુઆતનો પત્ર જ તંત્રને મળતો નથી.

સે. ૬ અને ૭ ને જોડતા માર્ગના રિસરફેસીંગ માટે લેખિત અને મૌખિક રજુઆત કરી થાક્યા પણ કોઈ ઉકેલ આવ્યો નથી. બધા સેક્ટરોના કામો થાય આ સેક્ટરો માટે કેમ આવુ વલણ એ સમજાતુ નથી.

કડિયાનાકુ હટાવવાની વાત કરી તો કહેવામાં આવ્યુ કે લેખિતમાં આપો લેખિતમાં રજુઆત કરી તો આજ સુધી કાર્યવાહી થઈ નથી. ઝુંપડા હટાવવાની વાત કરીએ તો તે દૂર કરવાની કાર્યવાહી પણ કરાતી નથી.

## સરદાર સરોવર ખાતે તળાવ નં-૩માં બોટિંગની સુવિધા શરૂ

ગાંધીનગર,તા.૨૦

સરદાર સરોવર સ્થિત તળાવ નં-૩ ખાતે ફરી એકવાર બોટિંગની સુવિધા શરૂ કરવામાં આવી છે. આ વખતે ગોવાની ખાનગી એજન્સીને કામગીરી સોંપવામાં આવી છે, ત્યારે પ્રવાસીઓ બોટિંગ સાથે ગોવાની થીમ પર ડાન્સની મજા પણ લઈ રહ્યા છે.

સરદાર સરોવર અને સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે આવતા પ્રવાસીઓ માટે એક અનેરૂ આકર્ષણ ઉભું થયું છે. જેમાં તંત્ર બોટિંગની સુવિધા શરૂ કરી છે. પ્લેટફોર્મ સહિતનો પોઈન્ટ સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા બનાવવામાં આવ્યો છે. જેને બોટિંગ સાથે પ્રવાસીઓને રાઈડ કરાવવા સહિતનો કોન્ટ્રાકટ ગોવાની ખાનગી એજન્સીને આપવામાં આવ્યો છે. જેઓએ સુવિધાથી સજ્જ બોટ મૂકવામાં આવી છે અને પ્રવાસીઓની રાઈડ માટે જાય છે, ત્યારે એક પેટ્રોલિંગ બોટ પણ સાથે રહે છે. સરદાર સરોવરના તળાવ નં-૩માં ૩૦૦થી વધુ મગર છે અને આ મગરોની વચ્ચે બોટિંગની ફરી શરૂઆત થઈ છે.

# ઘ અને ગ માર્ગ પર અન્ડરપાસ બનાવાનુ કામ શરૂ

**પ્રથમ તબક્કામાં જરૂરી લાઇન અન્યત્ર ખસેડી સર્કલ પણ દુર કરાશે : ઘ-૪ થી ગ-૪ના જંકશન દુર થતા સ્વર્ણિમ પાર્કની એકસુત્રતા જળવાશે અન્ડર પાસની કામગીરીને અનુલક્ષી ટ્રાફિકનો સિનારીયો પણ બદલાશે : આગામી વાઇબ્રન્ટ પુર્વે અન્ડર પાસનુ કામ પુર્ણ કરાશે**

ગાંધીનગર તા ૨૦

શહેરના હાર્દસમા ઘ-૪ વિસ્તારમાં અન્ડર પાસ બનાવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. ઘ-૪ અને ગ-૪ જંકશન દુર કરી સ્વર્ણિમ પાર્કની એકસુત્રતા જળવાય તે માટે રૂ ૬૯.૭૪ કરોડના ખર્ચ બન્ને જંકશન પર અન્ડર પાસનુ નિર્માણ કરાશે. ઘ-૪ નુ વિશાળકાય સર્કલ પણ દુર કરાશે અન્ડર પાસ ઉપરના વિસ્તારમાં પાર્કની હરિયાળી નિખરતી જોવા મળશે. ટુંકમાં જ અન્ડર પાસની કામગીરીનો અનુલક્ષી ટ્રાફિક પણ ડાયવર્ટ કરાશે. હાલ આ વિસ્તારમાં લાઈન સિફટ કરવાનુ કામ હાથ ધરાશે.

વિધાનસભાથી મહાત્મા મંદિર વચ્ચે સ્વર્ણિમ પાર્કના વિશાળ ઉદ્યાનનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. જયારે ચ -૪ થી ગ-૪ વચ્ચેનો માર્ગ રાજમાર્ગ તરીકે વિકસાવાયો છે. પરંતુ ઘ-૪ અને ગ-૪ જંકશનના લીધે સ્વર્ણિમ પાર્કની એકસુત્રતા જળવાતી નથી. જયારે ઘ-૪ જંકશન પર છ રસ્તા ખુલ્લા હોવાથી ટ્રાફિકની દ્રષ્ટીએ પણ ભુલભુલૈયાની સ્થિતિ જોવા મળી રહી છે. જયારે આ સ્થિતિને ધ્યાને લઈ પ્રધાનમંત્રીના વિઝન મુજબ પણ સ્વર્ણિમ પાર્કની એકસુત્રતા જાળવવા માટે ઘ-૪ અને ગ-૪ જંકશન પર અન્ડર પાસ બનાવવાનો નિર્ણય લેવાયો છે. જેથી ગ-૪ થી ચ-૪ સુધીના પાર્કનો નઝારો વધુ નયનરમ્ય બનશે. હાલની સ્થિતિએ ઘ-૪ નુ તોતિંગ સર્કલ દુર કરી આ વિસ્તારમાં પણ પાર્કનુ નિર્માણ કરાશે જયારે વાહનોની અવરજવર માટે અન્ડર પાસ બનાવવા કામગીરી શરૂ કરી દેવાશે. હાલ ઘ-૪ સર્કલ ફરતે બાઉન્ડ્રી માટે ગ્રીન વોલ બાંધી દેવામાં આવી છે. અલબત્ત અન્ડર પાસના પ્રોજેકટને અનુલક્ષી પ્રથમ તબક્કામાં આ વિસ્તારમાંથી પસાર થતી યુટીલીટી લાઈન્સને અન્યત્ર ખસેડવાનુ કામ હાથ ધરાશે.

જયારે ઘ-૪ ના સર્કલ વિસ્તારમાં ૮ મીટર નીચે અન્ડર પાસ તૈયાર કરાવાનુ કામ હાથ ધરાશે. લાઈનને અન્યત્ર ખસેડવાની સાથે સર્કલ પણ દુર થઈ જશે આ ઉપરાંત ટુંક સમયમાં ટ્રાફિકને પણ ડાયવર્ટ કરી દેવાશે.નગરના ઘ અને ગ માર્ગ પર અન્ડર પાસનુ નિર્માણ કરવા માટે અંદાજિત રૂ ૬૯.૭૪ કરોડનો ખર્ચ કરાશે. અન્ડર પાસનુ નિર્માણ થયા બાદ નગરના મુખ્યમાર્ગો પર ટ્રાફિકનો સિનારીયો બદલાશે જયારે સ્વર્ણિમ પાર્કની રોનક પણ વધુ નિખરશે. શહેરના હાર્દ સમા ઘ-૪ વિસ્તારની સુંદરતા આકર્ષણનુ કેન્દ્ર બનશે.

આગામી વાઈબ્રન્ટ સમિટ પુર્વે ઘ-૪ અને ગ-૪ વિસ્તારમાં અન્ડર પાસનુ કામ પુર્ણ કરી દેવાશે. અન્ડર પાસની કામગીરીને અનુલક્ષી ઘ માર્ગ માટે સે-૧૬:૧૭થી ટ્રાફિક ડાયવર્ટ કરાશે. જયારે ઘ-૫ થી ખ-૫ નો રસ્તો ખુલ્લો રહેશે. જો કે હજુ ટ્રાફિક ડાયવર્ટ કરવા માટે જાહેરનામુ બહાર પાડવામાં આવશે. ટ્રાફિકને અડચણ ન થાય તે માટે જરૂરી પરિબળોને પણ ધ્યાને લેવાશે.



શ્રી દેવી ભાગવત પુરાણ કથા
ગાંધીનગર સેક્ટર-૩ના આંગણે
: કથા પ્રારંભ : તા.૧૯/૧૧/૨૦૧૯, મંગળવાર
: કથા વિશ્રામ : તા.૨૭/૧૧/૨૦૧૯, બુધવાર
: કથા સમય : બપોરે ૧.૩૦ થી ૫.૩૦ કલાકે
: કથા સ્થળ : શ્રી વગડાવાળી ચેહર માતાજી મંદિર "આનંદ ધામ", સેક્ટર-૩, ગાંધીનગર
કર્તવ્ય સબકા કલ્યાણ હો...
કથાનું લાઈવ પ્રસારણ કર્તવ્ય ટી.વી.ચેનલ
નિમંત્રક
સૌજન્યશ્રી
સોમાભાઈ એ. પ્રજાપતિ
પીઠાધિશ્વર
આઈ શ્રી ખોડીયાર ધામ વાવોલ, ગાંધીનગર.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

સાયન્સસીટી-સોલામાં નવો શો-રૂમ ખુલેલ છે.
હોલસેલ ભાવે વગર મજુરીએ હોલમાર્ક દાગીના મળશે. (કાયમી ધોરણે)
જુના દાગીનાનું પુરૂ વળતર
N. C. Zaveri (શેરથાવાળા)
GOLD, JADTAR, ANTIQUE, DIAMOND & SILVER.
૮૧૪૧૦૭૫૦૨૫, ૮૭૫૮૬૯૧૩૦૯
શો-રૂમ સમય : બપોરે ૧.૦૦ થી ૬.૦૦ (રવિવારે ચાલુ)
૫૫, સુપર બંગ્લોઝ, સાયન્સ સીટી ગેટ પાસે, સ્વામિનારાયણ મંદિર પાસે, સોલા, અમદાવાદ.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com